## ગાંભોઈ પંથકમાં ભારે ગાજવીજ સાથે વરસાદ...




ગુજરાત રાજયમાં ઉત્તમ ગુજરાતમાં હવામાન ખાતાની સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદની અગાહી કરવામાં આવી હતી. જેથી બપોરના સુમારે ગાંભોઈ પંથકમાં એકાએક વાદળો ઘેરાવાથી અંધારપટ છવાઈ ગયું હતું અને ભારે ગાજવીજ સાથે વરસાદ શરૂ થઈ ગયો હતો. ગાંભોઈ સહિત કરણપુર, સરવાણા, મહાદેવપુરા, માથાસુલીયા, રાયગઢ, રૂપાલ ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. નેશનલ હાઈવે પરના ગાંભોઈ ગામે ઓવરબ્રિજ નીચેના બંને સર્વિસ રોડ તેમજ ગાંભોઈની બસ સ્ટેશનની બજારો તથા ભિલોડા તરફના રોડ પર ભારે વરસાદથી ઘૂંટણસમાં પાણી ભરાયા હતા.

## હિંમતનગર-ચિલોડા નેશનલ હાઈવે ઉપર બનેલ ઓવરબ્રીજમાં ગાબડા પડયા



ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર બનેલ નવીન ઓવરબ્રીજ ઉપર ગાબડા પડવાનો સીલસીલો યથાવત તો ઓવરબ્રીજ ઉપર થયેલ કામને લઈ ને હાલ તો અનેક સવાલો ઉઠયા. પ્રાંતિજ ના પોગલુ-પીલુદા પાટીયા પાસે બનેલ ઓવરબ્રીજ ઉપર ગાબડા પડતા ગાબડા પુરવા માટે એક સાઈડ નો ઓવરબ્રીજ ઉપર નો રસ્તો બંધ કર્યો હતો અને ઓવરબ્રીજ ઉપર પડેલ ગાબડા પુરવામા આવ્યા હતા તો તાજેતરમાંજ બનેલ નવો ઓવરબ્રીજ નહીવત વરસાદ માજ ગાબડા પડયા તો વધુ વરસાદ પડેતો શુહાલ થાય ત્યારે ઓવરબ્રીજ ના કામમા ગેરરીતિઓ થઈ હોવાના આક્ષેપો હાલતો રોજીદુ અવરજવર કરતા વાહન ચાલકો કરી રહ્યા છે ત્યારે વધુ વરસાદ પડશેતો ઓવરબ્રીજ કેવો પરિસ્થિતિ હશે તેતો આ માત્ર છાટારીયા વરસાદ ઉપરથીજ અનુમાન લગાવી શકાય તેમ છે ત્યારે ઓવરબ્રીજ ઉપર નુ પાણી બ્રીજ નીચે સાઈડો મા ટપકતુ જોવા મળે છે ત્યારે હાલતો દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હિંમતનગર ખાતે આવવાના હોય રોડ ઉપર પડેલ ખાડાઓ તથા ગાબડા પુરવા સહિત રોડ ની સફાઈ સહિત નુ કામ જવાબદાર તંત્ર દ્વારા હાથધરવામા આવી રહ્યુ છે.

## ઉત્તર ગુજરાતનાં બે જળાશયોનું વિશ્લેષણ કરવા ગણપત યુનિવર્સિટીની પસંદગી




વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ ભારતની આઝાદીનાં ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપેઆપણા દેશનીજળ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પરંપરાગત જળ સંસ્થાઓનું રક્ષણ કરવાની કલ્પના કરી છે. આ દેશના યુવાનો અને સમુદાયને સામેલ કરીને અને આ વિઝનને ધ્યાનમાં રાખીને સરકારશ્રી એ 'મિશન અમૃત સરોવર – જલ ધરોહર સંરક્ષણ'શરૂ કર્યું છે. વડાપ્રધાનની આ કલ્પનાને સાકાર કરવા માટે, ભારત સરકારના આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય (MinistryofHousing and Urban Affairs) દ્વારા રાજ્ય સરકારો સાથે મળીને સાંસ્કૃતિક અનેઐતિહાસિક રીતે મહત્વની જળ સંસ્થાઓની યાદી તૈયાર કરવામાં આવી છે,જેમાં સમગ્ર દેશમાંથી સાંસ્કૃતિક રીતે મહત્વપૂર્ણ જળાશયોની યાદી તૈયાર કરવામાં આવી છે,જે પૈકી ઉત્તર ગુજરાતમાં પાટણ ખાતે આવેલ રાણીની વાવ અને સહત્રલિંગ તળાવનો સમાવેશ કરવામાં આવ્યો છે. All India CouncilforTechnical Education (AICTE) દ્વારા આ સમગ્ર મિશનને દેશની સ્નાતક અને સ્નાતકોત્તરસરકારી તેમજ બિનસરકારી શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ દ્વારા કરાવવા માટે વિવિધ સંસ્થાઓ પાસેથી અરજી માંગવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓ આ જળાશયોની મુલાકાત લઈ આર્કિટેક્ચર, આયોજન, ડિઝાઈનિંગ, એન્જિનિયરિંગ અને ફાઇન આર્ટ્સ જેવી વિવિધ શિસ્ત આધારિત પ્રવૃત્તિઓ કરી જળાશયોનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે. ગણપત યુનિવર્સિટીનાં આર્કિટેક્ચર અને ડિઝાઈન વિભાગની આ મહત્વપૂર્ણ કામગીરીમાટે All India CouncilforTechnical Education (AICTE) દ્વારા ઉત્તર ગુજરાતનાં બંને જળાશયો માટે પસંદગી કરવામાં આવી છે. પ્રોજેકટનાં નોડલ ઓફિસર આર્કિટેક્ટ સંદીપસિંહ સિસોદિયા (ડીન – FADP) અને આર્કિટેક્ટ મયૂરકુમાર પ્રજાપતિ (એસોસિએટ ડીન – રિસર્ચ અને એસોસિએટ પ્રોફેસર) ના જણાવ્યા અનુસાર આ યોજનાના ફેજ – ૨માં ૧૮૦૦થી વધુ કોલેજોએ ભાગ લીધો હતો જેમાંગણપત યુનિવર્સિટીની પણ પસંદગી કરવામાં આવી છે.

## બામણા કોલેજમાં 'નિબંધ સ્પર્ધા ઈનામ વિતરણ' અને 'કવિવર ઉમાશંકર જોશીની જન્મ જયંતી' ઉજવણી યોજાઈ



અરવલ્લીની ગિરિમાળાઓની વચ્ચે પ્રકૃતિના સાંનિધ્યમાં અને મુર્ધન્ય કવિવર ઉમાશંકર જોશીની પાવન જન્મ ભૂમિ બામણામાં કાર્યરત શ્રી બામણા - પુનાસણ મધ્યસ્થ સ્કૂલ કેળવણી મંડળ,મુંબઈ સંચાલિત સ્વ.એસ.એચ.જોષી અને બી.કે.જોષી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,બામણામાં કવિ ઉમાશંકર જોશી સ્થાપિત "ગંગોત્રી ટ્રસ્ટ - ઉમાશંકર જોશી ગુજરાત અધ્યયન કેન્દ્ર", અમદાવાદ તરફથી ૨૧ જુલાઈ ૨૦૨૨ ના રોજ કવિવરના જન્મ દિને બામણા કોલેજમાં ગંગોત્રી ટ્રસ્ટના નિયામક અને કવિની વિદુષી દીકરી સ્વાતિબેન જોશી,સર્જક મનીષ જાની, સર્જક પ્રાગજીભાઈ ભાંભી,પૂર્વ પ્રમુખ ચીમનભાઈ પંડ્યા, કોલેજની જમીનના દાતા અરવિંદભાઈ જોષી,દિનેશભાઈ પરમાર, કોલેજ પ્રિન્સિપાલ ડૉ.કલ્પનાબેન પટેલ,હાઈસ્કૂલના આચાર્ય ગોવિંદભાઈ પટેલ,તેમજ વિવિધ કોલેજના અધ્યાપકો, નિબંધ સ્પર્ધક વિદ્યાર્થીઓ,શાળા-કોલેજના સર્વે સ્ટાફ પરીવારની ઉપસ્થિતિમાં કવિ શ્રી ઉમાશંકર જોશી જીવન પરિચય,કવિ રચિત કૃતિઓનું કાવ્ય ગાન,સર્જકો કવિ પ્રતિ વ્યાખ્યાનો,નિબંધ સ્પર્ધક વિદ્યાર્થીઓને ઈનામ,પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.મુર્ધન્ય કવિવર ઉમાશંકર જોશીના જન્મ દિનની ઉત્તમ કાવ્ય રચનાઓ વિદ્યાર્થીઓ દ્વારા પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.કાર્યક્રમનું સફળ સંચાલન ડો.ભીખાભાઈ પટેલે કર્યું આભાર દર્શન આચાર્ય ગોવિંદભાઈ પટેલે કર્યું.

### ફાયર સેફ્ટી મુદ્દે આરોગ્ય સેવાઓ ખોરવાઈ, અનેક દર્દીઓની મુશ્કેલી વધી

# જિલ્લાના ૨૦ ડોક્ટરોની હડતાલથી ખાનગી સ્વાસ્થ્ય સેવાને લાખોનું નુક્સાન

**મેડીકલ સ્ટોર્સ, લેબોરેટરી, એક્સ-રે સહિતના ધંધાઓમાં ફટકો : ૯૦૦ હોસ્પિટલોમાં હડતાલની વ્યાપક અસર : ખાનગી ડક્ટરોની હડતાલથી ઈમરજન્સીમાં સારવાર માટે સરકારી હોસ્પિટલોમાં ધસારો**






બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૩

હાઈકોર્ટ દ્વારા રાજ્ય સરકારને ગ્રાઉન્ડ ફ્લોર પર આઈ.સી.યુ. હોવું જોઈએ તેમજ કાચના ફસાદ દૂર કરવા અંગે સૂચનાઓ આપ્યા પછી રાજ્યની હોસ્પિટલોમાં ૭ દિવસની અંદર તેનું પાલન કરવાના આદેશ થતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શુક્રવારે ૦૦ થી વધુ ખાનગી હોસ્પિટલોના ૨૦૦

ક્ટરો હડતાલ ઉપર ઉતરતાં ખાનગી સ્વાસ્થ્ય સેવાઓને અસર થઈ હતી. એક દિવસીય હડતાલના કારણે મેડીકલ સ્ટોર્સ, લેબોરેટરી તેમજ એક્સ-રે સહિતના ધંધાઓને લાખો રૂપિયાનો ફટકો પડ્યો હતો. જ્યારે ઈમરજન્સી સેવાઓ પણ ખાનગી હોસ્પિટલમાં બંધ રહેતાં સારવાર માટે જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં ધસારો જોવા મળ્યો હતો. એક જ દિવસની હડતાલમાં આરોગ્ય સેવા કથળેલી જોવા મળી.

ઈન્ડીયન મેડીકલ એસોસીએશન ગુજરાત દ્વારા તા.૨૨ના રોજ સરકારના વિવિધ નિયમના વિરોધમાં બંધનું એલાન કરવામાં આવ્યું હતું. ઈતિહાસમાં પ્રથમવાર ખાનગી હોસ્પિટલો સાથે ટ્રસ્ટની હોસ્પિટલોએ પણ ઈમરજન્સી સેવા બંધ રાખતાં સ્વાસ્થ્ય સેવાઓને માઠી અસર થઈ હતી. જિલ્લામાં ૬૦ થી વધુ ખાનગી હોસ્પિટલોએ પણ એક દિવસીય હડતાલને સમર્થન આપ્યું જેથી ઈમરજન્સીના કિસ્સાઓમાં દર્દીઓ રામ ભરોસે બની ગયા બાદ સરકારી હોસ્પિટલમાં ઈમરજન્સી સેવાઓમાં પ્રથમવાર વધારો જોવા મળ્યો. જ્યારે હોસ્પિટલોમાં સારવાર બંધ રહેતાં મેડીકલ સ્ટોર્સ, લેબોરેટરી તેમજ એક્સ-રે સહિતના ધંધામાં એક દિવસમાં લાખો રૂપિયાનો ફટકો પડ્યો છે. સરકાર દ્વારા વિવિધ નિયમ લાગુ કરવામાં આવ્યા છે જેની સામે મેડીકલ એસોસીએશને સખ્ત વિરોધ દર્શાવ્યો હોવા છતાં તેનો કોઈ ઉકેલ આવ્યો ન હોવાના કારણે સમગ્ર રાજ્યમાં ૪૦ હજારથી વધુ ખાનગી ડક્ટરો હડતાલ ઉપર ઉતરતાં સ્વાસ્થ્ય સેવાઓ પ્રભાવિત થઈ હતી જેમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના તમામ ખાનગી ડૉક્ટરોએ પણ રાજ્ય વ્યાપી હડતાલને એક દિવસ માટે સમર્થન આપતાં સ્વાસ્થ્ય સેવાઓને માઠી અસર થઈ હતી. જિલ્લામાં ખાનગી હોસ્પિટલો દર્દી સારવાર લેવા માટે જાય ત્યારે ડૉક્ટરો દ્વારા નિયત કરેલી લેબોરેટરીમાં પરીક્ષણ તેમજ દવા માટે જે તે મેડીકલમાં દર્દીઓને મોકલવામાં આવતા હોય છે પરંતુ ડૉક્ટરો હડતાલ ઉપર હોવાના કારણે હોસ્પિટલો સંલગ્ન લેબોરેટરીઓ તેમજ મેડીકલ સ્ટોર્સને પણ ધંધામાં માઠી અસર થઈ હતી.

### હડતાલ જડબેસલાક રહી - આઈ.એમ.એ.

આઈ.એમ.એ.-બાયડ, ધનસુરાના પ્રમુખ ડૉ.દર્શન પટેલ, સેક્રેટરી ડૉ.દિપેન પંચાલે જણાવ્યું કે સરકાર દ્વારા ખાનગી હોસ્પિટલોમાં કોર્ટના આદેશ પછી જે નિયમો લાગુ કર્યા છે અને ૭ દિવસની અંદર તેનું પાલન કરવા નોટિસ આપી છે પરંતુ કેટલીક જોગવાઈઓનો કોઈ વૈજ્ઞાનિક આધાર નથી જેથી ઈન્ડીયન મેડીકલ એસોસીએશન ગુજરાતના નિર્દેષ અનુસાર બાયડ તેમજ જિલ્લામાં રાજ્ય સરકારના એક પક્ષીય નિર્દોષોનો સખત વિરોધ કરી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને શુક્રવારે તમામ હોસ્પિટલો જડબેસલાક બંધ રહી હતી.

### જળાશયોને જુલાઈ મહિનો ફળ્યો

# જિલ્લામાં ૩ સપ્તાહમાં વરસાદથી જળાશયોની સપાટીમાં પાંચ મીટર સુધીનો વધારો

**ડેમ સાઈટ વિસ્તારના બોરકુવા રીચાર્જ થવાની શરુઆત**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના તરસ્યા જળાશયોને જુલાઈ મહિનો ફળ્યો છે. છેલ્લા ૩ સપ્તાહમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો હોવાના કારણે જિલ્લાના ૧૩ જળાશયોમાં પાણીની સપાટીમાં ૧ થી ૫ મીટર વધારો નોંધાયો છે. જિલ્લામાં જુલાઈ માસના ૩ સપ્તાહમાં રાજસ્થાનના ઉપરવાસમાં ભારે વરસાદ વરસ્યો હોવાના કારણે મોટાભાગના જળાશયોમાં પાણીની આવક નોંધાઈ રહી છે. જિલ્લામાં પણ ડેમસાઈટ વિસ્તારોમાં વરસાદે હાજરી નોંધાવ્યા પછી હવે જે જળાશયોનાં તળીયાં દેખાતાં હતાં ત્યાં હવે જળ રાશિ સંગ્રહીત થઈ રહી છે. ચોમાસાના આરંભે જિલ્લાના જળાશયોમાં પાણી અદ્રશ્ય થઈ જતાં જો વરસાદ વધુ સમય સુધી ખેચાયો હોત તો પીવાના તેમજ સિંચાઈના પાણીની મોટી સમસ્યાના અણસાર જણાતા હતા પરંતુ અષાઢ મહિનામાં વરસાદ સાર્વત્રિક મહેર કરી છે તેમાંય જુલાઈ મહિનો વરસાદની દ્રષ્ટીએ મહત્વનો સાબિત થયો હોવાથી જિલ્લાના વાત્રક, ગુહાઈ, માઝૂમ, હાથમતી, લોક, જવાનપુરા, હરણાવ, મેશ્વો, વૈડી, ખેડવા, ઈન્દ્રાસી, વરાંસી અને ગોરઠીયા સહિતના જળાશયોમાં વરસાદી પાણીની સારી આવક થઈ હોવાના કારણે હાલની સ્થિતિએ ઉપરોક્ત તમામ જળાશયોમાં પાણીની સપાટીમાં ૧ થી મીટર સુધીનો વધારો થયો છે. જ્યારે ઉપરવાસમાં હજુ પણ ભારે વરસાદ થવાની સંભાવનાને જોતાં જળાશયોમાં પાણીની ધીમી આવકને પગલે પાણીનું સંકટ હાલ દૂર થતું જણાઈ રહ્યું છે.



### ઉપરવાસમાં સારા વરસાદથી નદીઓના જળસ્તરમાં થતો વધારો..

જિલ્લામાં ઉપરવાસમાં વરસેલા ભારે વરસાદને કારણે જળાશયોને ફાયદો થયા પછી જિલ્લાની જીવાદોરી ગણાતી નદીઓના જળસ્તરમાં પણ વધારો થયો છે. જુલાઈ માસ દરમ્યાન વરસેલા વરસાદને કારણે મેશ્વો, માઝુમ, હાથમતી અને હરણાવ સહિતની નદીઓ બેકાંઠે વહેતી જોવા મળી રહી છે. જ્યારે જળસ્તરમાં વધારો થવાથી નદી કિનારાના ગામોમાં ભૂગર્ભ જળસ્તરને પણ તેનો ફાયદો થવાની સંભાવના છે.

## "ભારતના ૧૫ મા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂજી ચૂંટાયા..."

**થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?**

બાયડ તા.૨૩

દેશના ૧૫ મા રાષ્ટ્રપતિ તરીકે એક આદિવાસી મહિલા ઉમેદવારને ચૂંટીને દેશમાં એક નવા ચીલા ઉપર લઈ જવા બદલ સૌ રાજકીય પક્ષના ધારાસભ્યો-સંસાદસભ્યોને ધન્યવાદ!! મહા મહિમ દ્રૌપદીજી ને ખૂબ ખૂબ અભિનંદન...!! આઝાદી પછી જેમ જેમ વર્ષો નીકળતા ગયા તેમ તેમ સતત એવું લાગ્યા કરતું હતું કે દેશનો સામાન્ય વર્ગ હાંસિયામાં ધકેલાઈ રહ્યો છે અને રાજકારણમાં અને સત્તા ઉપર જાણે સુખી સંપન્ન અને રાજઘરાના પરિવારનો જ હક્ક છે, પરંતુ હવે ફરી એકવાર દેશમાં પવનની દિશા બદલાઈ છે!! લોકોમાં આશા જાગી છે અને ખાસ કરીને આર્થિક નબળા વર્ગના લોકોને પણ એવું લાગવા માંડ્યું છે કે દેશમાં આપણું પણ કંઈક વજૂદ છે...

છેલ્લા ૫ વર્ષથી કોઈપણ રાજકીય હોદ્દા ઉપર ભાજપ તરફથી નિયુક્તિ કે પસંદગી કરવાની થઈ છે ત્યારે તેમણે જૂની પરંપરા તોડીને સૌને આશ્ચર્યમાં નાખ્યા છે. ધારાસભ્ય કે સંસદને ટીકીટ આપવાની વાત હોય કે પક્ષમાં કોઈ ઊંચો હોદ્દો આપવાની વાત હોય ત્યાં મોદીજીની દ્રષ્ટિ સમાજના તમામ વર્ગ ઉપર ગઈ છે તેવું ચોક્કસ કહી શકાય!! ભાજપે અટલજીના સમયમાં દેશને મુસ્લિમ રાષ્ટ્રપતિ આપ્યા, મોદીજીના કાર્યકાળમાં પ્રથમ દલિત અને હવે આદિવાસી મહિલાને આ સન્નમાન આપીને દેશને ગૌરવ અપાવ્યું છે. ઉપરાષ્ટ્રપદી પદ માટે મોદીજીની દ્રષ્ટિ કિસાનપુત્ર તરફ ગઈ.... સબકા સાથ અને સબકા વિશ્વાસની સાથે સાથે આ સમભાવ કે સમદ્રષ્ટિ નથી તો બીજુ શુ છે?? હા, સાથે એક અલગ વાત પણ છે અને તે છે "રાષ્ટ્રવાદ" !!

ગણા દસકાથી મૃતપાય થયેલો રાષ્ટ્રવાદ ફરીથી બેઠો થયો છે જેની રાષ્ટ્રને ખૂબ આવશ્યકતા હતી.

રાજકારણમાં અને સત્તા ઉપર પોતાનો જ અધિકાર છે તેવુ માની બેઠેલો તમામ લોકો અત્યારે પોતાને અસુરક્ષિત સમજી રહ્યા છે તેમાં ભૂલ ભાજપના નેતૃત્વની થોડી છે?? મહાભારત કાળમાં "દ્રૌપદી" તમામ નકારાત્મક તત્વોને સત્તા ઉપરથી બેદખલ કરવામાં નિમિત્ત બન્યા હતા. અત્યારે ફરી એકવાર ભારતીય લોકતંત્રમાં દ્રૌપદીજીની એન્ટરી ઉચ્ચ હોદ્દા ઉપર થઈ છે ત્યારે ભારત ઈચ્છી રહ્યું છે કે ભારતમાંથી તમામ નકારાત્મક રાજનીતિ તેમજ નેગેટિવ રાજનેતાઓને રાજકારણમાંથી વિદાય આપવામાં દ્રૌપદીજી નિમિત્ત બને!!

ભારતના તમામ લોક ઉપયોગી અને રાષ્ટ્રહિતના ખરડાઓ ઉપર મહામહિમ દ્રૌપદીજીની સહી થાય અને એક નવા ભારતનું નિર્માણ કરવામાં મહામહિમ દ્રૌપદીજીનું નામ પણ ઈતિહાસમાં લખાય તેવી આશા સમગ્ર ભારતની જનતા રાખી રહ્યું છે!! ભારતની આદિવાસી પ્રજામાં એક નવીન આશાને દ્રૌપદીજીએ જન્મ આપ્યો છે કે આદિવાસી માત્ર જંગલ અને ડુંગરાઓમાં રહેતી પ્રજા નથી રહી , આજનો આદિવાસી રાષ્ટ્રના ઉચ્ચ હોદ્દા ઉપર પણ બેસી શકે છે અને તે ઈતિહાસ દ્રૌપદી મુર્મૂજીએ રચ્યો છે!! મહામહિમ દ્રૌપદી મુર્મૂજીને ફરી એકવાર ખૂબ ખૂબ અભિનંદન....

## દાંતીયામાં ખેતર તલાવડી તોડવાનો ઠપકો આપતાં ખેડૂત ઉપર સળીયાથી હુમલો

**ઝઘડામાં છોડાવવા વચ્ચે જતાં પત્નિને પણ ફટકારી**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૩

પોશીના તાલુકાના દાંતીયા ગામે ખેતર નજીક બનાવેલી ખેત તલાવડી તોડી પાણી ખેતરમાં વાળવા મુદે ઠપકો આપવા જતાં ખેડૂત ઉપર સળીયાથી હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ઝઘડામાં વચ્ચે પડેલ ખેડૂતની પત્નિને પણ બે ઈસમોએ ફટકારતાં પોશીના પોલીસે ગુનો નોંધ્યો છે.

ચોમાસાના આરંભ સાથે ખેડૂતોના અંદરો અંદરના ઝઘડા સપાટી ઉપર આવી રહ્યા છે. તાલુકાના દાંતીયા ગામના ખેડૂત કાળુભાઈ ખાંટ અને પત્નિ મોદીબેન ખાંટે તા.૨૦ના રોજ ખેત તલાવડીનો પાળો તોડી નાખી તેમના ખેતરમાં પાણી વાળવા મુદે નજીકમાં ખેતર ધરાવતા કાન્તિભાઈ ધનાભાઈ ખાંટને ઠપકો આપ્યો હતો જેથી નરેશ ધનાભાઈ ખાંટ સહિત બંને ઈસમો એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને સળીયાથી હુમલો કરતાં કાળુભાઈ ખાંટને ઈજા થઈ હતી ઝઘડાએ મોટું સ્વરૂપ ધારણ કરતાં છોડાવવા માટે વચ્ચે પડેલા મોદીબેન ખાંટને પણ ઉપરોક્ત ઈસમોએ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. બનાવ અંગે પોશીના પોલીસે આરોપી ખેડૂત કાન્તિભાઈ ધનાભાઈ ખાંટ અને નરેશ ધનાભાઈ ખાંટ(બંને રહે.દાંતીયા, તા.પોશીના) સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ઈડરમાં યુવકના નગ્ન ફોટા વાયરલ કરી પૈસા વસુલીનું કારસ્તાન

**મોબાઈલ પ્લે સ્ટોરમાંથી એપ્લીકેશન ડાઉનલોડ કરી લોન લેવાનું ભારે પડ્યું**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૩

ઈડરની શિવમ્ સોસાયટીમાં રહેતા યુવકે મોબાઈલ એપ્લીકેશનના માધ્યમથી લોન લીધા પછી ભરપાઈ કરી હોવા છતાં વધુ પૈસા વસુલવાના ઈરાદે અજાણ્યા મોબાઈલ ધારકોએ યુવકના નગ્ન ફોટા મિત્ર વર્તુળમાં વાયરલ કરતાં ખળભળાટ મચ્યો છે. પ્લેસ્ટોરમાંથી લોન લેવા માટેની એપ્લીકેશન ડાઉનલોડ કર્યા પછી યુવકે ૩ ૩૭૮૦ મેળવ્યા હતા અને તે પરત જમા કરાવી દીધા હોવા છતાં ગઠીયાઓએ નગ્ન ફોટા તૈયાર કરી યુવકના સંપર્કમાં રહેલા નંબર ઉપર નગ્ન ફોટા વોટ્સએપ કરતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે ઈડર પોલીસે આઈ.ટી. એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

છેલ્લા કેટલાક સમયથી યુવકોને માયાજાળમાં ફસાવી નગ્ન ફોટા તેમજ અશ્લિલ વિડીયો તૈયાર કરી પૈસા પડાવવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે. સાબરકાંઠા સાયબર ક્રાઈમને આ અંગેની અનેક ફરિયાદો પણ મળેલી છે. ત્યાં ઈડરની શિવમ્ સોસાયટીમાં રહેતા દેવેન્દ્રકુમાર ગણપતલાલ મેઘાએ મોબાઈલ નંબર તથા યુ.પી.આઈ. આઈ.ડી.ના માધ્યમથી રામ લોન નામની એપ્લીકેશન પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરી છે ૩૭૮૦ લોન પેટે મેળવ્યા હતા. જે યુ.પી.આઈ.ડી.ના માધ્યમથી પરત જમા કરાવી દીધા હોવા છતાં અજાણ્યા બે મોબાઈલ ફોન ધારકોએ યુવકના મોબાઈલ ફોનની તમામ ડીટેલ મેળવી લીધા પછી તેના સંપર્કમાં રહેલા નંબરો ઉપર યુવકના નગ્ન ફોટા બનાવી ઈલેક્ટ્રોનિક સ્વરુપમાં વાયરલ કરવાની ધમકી આપી નેટબેક્રીંગથી રુ ૩૧૫૦ તેમના યુ.પી.આઈ.ડી.માં મેળવી લીધા પછી વધુ રુપિયાની માગણી કરી હતી. યુવકે ગઠીયાઓની ચુંગાલમાં ફસાયા પછી વધુ રૂપિયા આપવાની ના પાડતાં યુવકના જાતિય પ્રવૃત્તિવાળા નગ્ન ફોટા તૈયાર કરી મોબાઈલના કોન્ટેક નંબરમાં રહેલા નંબર ઉપર વોટ્સએપથી વાયરલ કરતાં યુવક સદમામાં સરી પડ્યો છે. સાયબર ગઠીયાઓએ યુવકને પહેલાં તો લોનની માયાજાળમાં ફસાવી દીધા પછી પૈસા વસુલીના ઈરાદે નગ્ન ફોટા વાયરલ કરતાં પોલીસ હરકતમાં આવી છે. બનાવ અંગે ઈડર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ હિંમતનગરમાં પણ કેટલાક યુવાનોને આ પ્રકારે ફસાવ્યા પછી નગ્ન ફોટા તૈયાર કરી પૈસાની માંગણી કરવામાં આવી હતી જે અંગે કેટલાક યુવાનોએ સાયબર ક્રાઈમનો સંપર્ક સાધ્યો હતો પરંતુ સમાજમાં બદનામ થવાના ડરથી પોલીસ ફરિયાદ આપવાનું ટાળી દીધું છે ત્યાં હવે વધુ એક કિસ્સો પોલીસ દફતરે નોંધાયો છે.

## મોડાસા હંગામી બસ સ્ટેન્ડમાં આરોગ્ય તંત્રએ દવાનો છંટકાવ કર્યો : એસટી તંત્રના અધિકારીઓ ખાડા ક્યારે પૂરશે...!!!

મોડાસા, તા. ૨૩

મોડાસા હંગામી બસ સ્ટેન્ડમાં ઠેર ઠેર પડેલા ખાડાઓમાં વરસાદી પાણી ભરાતા હજ્જારો મુસાફરો તોબા પોકારી ઉઠ્યા છે બસ સ્ટેન્ડમાં મુસાફરો અને કર્મચારીઓના માથે મચ્છરોના અસહ્ય ત્રાસ થી ડેન્ગ્યું, મેલેરિયા, ચિકનગુનિયા સહીત અનેક રોગચાળામાં સપડાવાનો ભય મંડરાઈ રહ્યો હોવાના અહેવાલ સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ થતા આરોગ્ય તંત્રએ તાબડતોડ બસ સ્ટેન્ડમાં સર્વે હાથધરી મચ્છરજન્ય ઉત્પત્તિ સ્થળો પર દવાનો છંટકાવ કરવાની સાથે ઓઈલ નાખવાની કામગીરી કરતા મુસાફરો અને કર્મચારીઓમાં આનંદ છવાયો હતો હજુ પણ એસટી તંત્રના અધિકારીઓ જાણે ગાઢ નિંદ્રામાં હોય ખાડા પુરાણ માટે કોઈ નક્કર કાર્યવાહી ન કરતા મુસાફરોમાં ભારે આક્રોશ છવાયો છે. મોડાસા હંગામી બસ સ્ટેન્ડમાં આરોગ્ય વિભાગે શનિવારે સર્વલન્સની





કામગીરી હાથધરી મચ્છર ઉત્પત્તિ સ્થળોએ ઓઈલ નાખવાની સાથે દવાનો છંટકાવ કરતા મુસાફરોએ આરોગ્ય વિભાગની કામગીરીની સરહાના કરી હતી આરોગ્ય તંત્ર બસ સ્ટેન્ડમાં પડેલ ખાડાઓ અને ગંદકી અંગે એસટી તંત્રના અધિકારીઓને નોટિસ ફટકારી તંદ્રા અવસ્થામાં રહેલા અધિકારીઓની ઉંઘ ઉડાડે તેવી માંગ મુસાફરોમાં ઉઠી છે. અરવલ્લી આરોગ્ય વિભાગે તો હંગામી બસ સ્ટેન્ડમાં મચ્છરજન્ય રોગચાળો અટકાવવા અને મચ્છરોના ઉપદ્રવને નાથવા દવાનો છંટકાવ કર્યો પરંતુ બસ સ્ટેન્ડમાં પડેલા ખાડાઓ અને અસહ્ય દુર્ગન્ધ મારતી ગંદકી ક્યારે દૂર થશે તે જોવું રહ્યું હાલ તો એસટી તંત્રની બેદરકારી સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે

## ડીસામાં મોબાઈલ ફોનથી વરલી-મટકાનો જુગાર રમાડતો યુવક પકડાયો

**અન્ય બે ઈસમો સામેલ : ૩ સામે ગુનો દાખલ**

બનાસકાંઠા જિલ્લામાં મોબાઈલ ઉપર જુગાર રમવાનો ''ક્રેઝ' વધી પડ્યો છે ત્યારે ડીસાના ત્રણ હનુમાન રોડ પર આવેલ દલાજી પાર્કમાં એક બંગલામાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા ઉત્તર પોલીસની ટીમ રેડ કરવા પહોંચી હતી અને મકાન નંબર ૩૮ આગળ જઈ રૂમનો દરવાજો ખખડાવતા અંદરથી એક યુવક બહાર આવતા પોલીસે તેનો મોબાઈલ ચેક કરતા તે મોબાઈલ એપ વડે વરલી મટકાનો જુગાર રમાડતો હોવાનું જણાતા પોલીસે તેની અટકયાત કરી હતી. પોલીસે તેનું નામ પૂછતા તેણે પોતાનું નામ નિલેશકુમાર વાસુદેવભાઈ ઠાકર જણાવ્યુ હતું.પોલીસે નિલેશ ઠાકર પાસેથી મોબાઈલ તેમજ રોકડ રકમ મળી રૂ.૨૧,૨૦૦ નો મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો.પોલીસે તેની વધુ પૂછપરછ કરતા તે મોબાઈલથી વરલી મટકાનો ધંધો શૈલેષ ઈશ્વરલાલ કછછવા અને નેહલ મુકેશકુમાર પંચાલની સાથે ભાગીદારીમાં કરતો હોવાનું જણાવતા પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.